# શણગાલ એટીએમ ગાર્ડ લૂંટ વીથ મર્ડર કેસમાં સાત આરોપીની ધરપકડ

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના શણગાલ ગામે ગત ૨૧ જુલાઈ ૨૦૧૫ના રોજ દેના બેંકના એટીએમ મશીન પર ફરજ બજાવતા ૨૮ વર્ષીય સીક્યુરીટી ગાર્ડની લૂંટના ઈરાદે હત્યાની ઘટના બની હતી. આ અંગેની તપાસ અરવલ્લી જીલ્લા એલસીબી પોલીસે ઝીણવટપૂર્વક હાથ ધરતાં ગામના જ એક શખ્સની ધરપકડ કરી આ હત્યામાં સામેલ વધુ સાત આરોપીઓને દબોચી લીધા હતા. અરવલ્લી જિલ્લા પોલીસે બે તરૂણોને જુનવાઈલ કોર્ટમાં મોકલી આપી પાંચ આરોપીઓને મોડાસાની નામદાર કોર્ટમાં રજુ કરતા નામદાર કોર્ટે પાંચ આરોપીઓના ૫ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.



અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે શણગાલ ગામમાં આવેલ દેનાબેંક એટીએમ મશીન પર ફરજ બજાવતા સીક્યુરીટી ગાર્ડ હીરાભાઈ કાળાભાઈ ચમાર (ઉં.વ.૨૮) રહે. વલુણા તા. મેઘરજની ગત ૨૧ જુલાઈ ૨૦૧૫ના રાત્રીના સમયે કરપીણ હત્યા થઈ હતી. આ અંગે અરવલ્લી જિલ્લા એલ.સી.બી. પો.સ.ઈ. બારોટે ઉંડાણપૂર્વક તપાસ કરી સણગાલ ગામના રહીશ ડાહ્યા ભીખાભાઈ પંચાલની ત્રણ દિવસ અગાઉ ધરપકડ કરી હતી. એલસીબી પોલીસે ડાહ્યા પંચાલની સઘન પૂછપરછ કરતા આ હત્યામાં સંડોવાયેલા કેટલાક ઈસમોના નામ ખુલ્યા હતા. અરવલ્લી જિલ્લા એલ.સી.બી. પો.સ.ઈ. આર.જી. બારોટ અને તેમની ટીમ દ્વારા હત્યાના ગુન્હામાં સંડોવાયેલા આરોપીઓને મેઘરજ નજીકના શાંતિપુરા ગામની આજુબાજુથી દબોચી લીધા હતા. જ્યારે ત્રણ આરોપીઓ પર સકંજો મજબૂત બનતા ફરાર થઈ જવાની ફીરાકમાં હતા ત્યારે જિલ્લા એલસીબી પોલીસે વોચ ગોઠવી ત્રણેય આરોપીઓને મોડાસાના બસસ્ટેન્ડમાંથી ઝડપી પાડી સાતે ઈસમોની વધુ પુછપરછ માટે તજવીજ હાથ ધરી હતી. સાત આરોપીમાંથી બે આરોપી સગીર વયના હોવાથી જુનવાઈલ કોર્ટમાં મોકલી આપી બાળ-જેલમાં મોકલી આપ્યા હતા. અન્ય પાંચ આરોપીઓને જિલ્લા એલસીબી પોલીસે મોડાસા નામદાર કોર્ટમાં રજૂ કરી વધુ તપાસ અર્થે રીમાન્ડની માંગ કરતા નામદાર જજે પાંચેય ઈસમોના ૫ નવેમ્બર ૨૦૧૫ સુધી પાંચ દિવસના રીમાન્ડ મંજૂર કરતા પોલીસે સઘન તપાસ હાથ ધરી હતી.

## અરવલ્લી એલસીબી પોલીસે ૫ દિવસના રિમાન્ડ મેળવ્યા

### પકડાયેલા આરોપીઓ

(૧) ડાહ્યા ભીખાભાઈ પંચાલ (રહે. શણગાલ, તા. મેઘરજ)
(૨) દિનેશ સુરેશભાઈ ગેલાત (રહે. ધરોલા, તા. મેઘરજ
(૩) નારણ કોદર બામણીયા (રહે. ખોડંબા, ભીલોડા)
(૪) સંજય નાનજી ખરાડી (રહે. શાન્તીપુરા, મેઘરજ)
(૫) જીતેન્દ્ર જયંતિ પટેલ (રહે. શણગાલ, મેઘરજ)
(૬) હિતેન્દ્ર લાલસીંહ મકવાણા (રહે. બોરડીટીંબા, મોડાસા)
(૭) હિતેન્દ્ર રમણસીંહ ચૌહાણ (રહે. રામપુરા, મોડાસા)
(૮) સંજય ઉર્ફે શનો સુરમા મેણાત (રહે. ધરોલા, તા. મેઘરજ)

● અરવલ્લી જિલ્લા એલસીબી ઈન્ચાર્જ પી.આઈ. આર.જી. બારોટ ઈન્ચાર્જ એલસીબી પી.આઈ. બારોટના જણાવ્યા અનુસાર આઠ શખ્સો દ્વારા હત્યાના સાત દિવસ અગાઉથી એટીએમ મશીનમાંથી રૂપિયા લુંટવાનો પ્લાન બનાવ્યો હતો. જેમાં એટીએમ ગાર્ડે એટીએમ તોડવા ગયેલા શખ્સોનો પ્રતીકાર કરાતા એટીએમ ગાર્ડ પર તીક્ષ્ણ હથીયારના ઘા ઝીંકી મોત નિપજાવી ગભરાઈ જતા ફરાર થઈ ગયા હતા. હજુ પાંચ દિવસમાં ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવશે.

# હિંમતનગર અને વિજયનગરમાંથી ૧.૪૪ લાખના દારૂનો જથ્થો પકડાયો

હિંમતનગર, તા. ૧

દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે બુટલેગરો પાસ પરમીટ વગર ગુજરાતમાં દારૂ ઘુસાડી રહ્યા છે. ત્યારે પોલીસે શનિવારે હિંમતનગર અને વિજયનગરના ઉમીયાનગર ત્રણ રસ્તા પાસેથી અંદાજે રૂ. ૧.૩૪ લાખનો દારૂ ઝડપી લીધો હતો. બીજી તરફ પોલીસે રવિવારે હિંમતનગરના ધાણધા ખાતે એક મકાનમાંથી પાસ પરમીટ વગરનો રૂ. ૧૦ હજારના દારૂના જથ્થા સાથે એક શખ્સને ઝડપી લીધો હતો.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગરના મોતીપુરાના સર્વિસ રોડ પર થઈને શનિવારે રાત્રીના સુમારે કાર નં. જીજે.૬.બીએ.૭૧૭૫નો ચાલક પાસ પરમીટ વગર રૂ. ૯૬ હજારની કિંમતની ૨૪૦ દારૂની બોટલો લઈને જઈ રહ્યો હતો. જે અંગે એ-ડીવીઝન પોલીસે તેની ઝડતી લેતાં દારૂનો જથ્થો મળી આવ્યો હતો. ત્યારબાદ પોલીસે કાર અને દારૂનો જથ્થો મળી રૂ. ૧.૯૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

બીજી તરફ વિજયનગરના ઉમિયાનગર ત્રણ રસ્તા પાસેથી શનિવારે રાત્રે રૂ. ૩૮,૪૦૦ની કિંમતની ૨૮૮ બોટલ રીક્ષામાં લઈને જઈ રહેલા ગિરીશભાઈ મોહનભાઈ મેઘવાલાને પણ વિજયનગર પોલીસે ઝડપી લીધા બાદ તેની વિરૂદ્ધ ફરિયાદ નોંધવામાં આવી હતી.

દરમિયાન રવિવારે બી-ડીવીઝન પોલીસને મળેલી બાતમીને આધારે ધાણધા ખાતે રહેતા બળદેવસિંહ મગનસિંહ રાઠોડના ઘરે ઝડતી લેતાં ઘરના વાડામાંથી રૂ. ૧૦,૮૦૦ની કિંમતની ૨૭ બોટલ વિદેશી દારૂ અને રૂ. ૪૦૦નો ૨૦ લીટર દેશી દારૂ ઝડપી લીધો હતો. જેથી પોલીસે મુદ્દામાલ સાથે તેની અટકાયત કરી હતી.

# પ્રાંતિજની શાંતિનાથ સોસાયટીમાં સામુહિક નવચંડી યજ્ઞ યોજાયો

પ્રાંતિજ, તા. ૧

પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ શાંતિનાથ સોસાયટીમાં સોસાયટીના રહીશો દ્વારા સૌ પ્રથમવાર સામુહિક નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સોસાયટીમાં રહેતા દરેક જ્ઞાતિના ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.



પ્રાંતિજમાં ૬૦ વર્ષથી પણ વધારે જુની શાંતિનાથ સોસાયટી ખાતે સોસાયટીના સભ્યો દ્વારા સૌ પ્રથમ વાર નવચંડી યજ્ઞનું સામુહિક આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૪ યજ્ઞ પાટલાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય યજમાન પદે નૃપાંશ એ.કે. પટેલ તથા અન્ય ૧૩ પાટલાઓ ઉપર સોસાયટીમાં રહેતા દરેક જ્ઞાતિના સભ્યોએ યજ્ઞમાં ભાગ લીધો હતો અને યજ્ઞ, સમુહ આરતી તથા સવાર-સાંજ સોસાયટી સભ્યો દ્વારા પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.

જ્યારે નવચંડી યજ્ઞનું સફળ સંચાલન એ.કે. પટેલ, સતીષભાઈ રાવલ, સુરેશભાઈ પટેલ, મણીભાઈ સથવાળા, મનિષભાઈ શાહ વગેરે સોસાયટીના રહીશો દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

# અરવલ્લી જિલ્લા સિનિયર સિટિઝનનું સ્નેહ સંમેલન યોજાયું

ધનસુરા, તા. ૧

અરવલ્લી જિલ્લા સિનિયર સિટિઝન ફેડરેશનનું સ્નેહમિલન સંમેલન બાયડ તાલુકાના ડેમાઈ ખાતે યોજાયું હતું. જેમાં ૧૫થી વધારે સંસ્થાઓના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના અધ્યક્ષ પદે મહેશભાઈ પટેલ હાજર રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે ફેડરેશનના પ્રમુખ દ્વારા ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘમાં મંત્રી તરીકે જવલંત વિજય મેળવનાર સતીષભાઈ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત બાયડ તાલુકા ટીચર્સ શરાફી મંડળી દ્વારા ડેમાઈ ટ્રસ્ટના સભ્યોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિનોદભાઈ શાહ, જયંતિભાઈ શાહ, આર.એલ. પટેલ, કોદરભાઈ પટેલ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# ગલતેશ્વરમાંથી દારૂ અને બિયરનો જથ્થો ઝડપાયો

હિંમતનગર, તા. ૧

પ્રાંતિજ તાલુકાના ગલતેશ્વર ગામેથી પ્રાંતિજ પોલીસે શુક્રવારે રાત્રે વિજયસિંહ બબસિંહ મકવાણાના ખેતરમાંથી ૩૬ ટિન બિયર અને ૩૦ દારૂની બોટલ મળી રૂ. ૧૮૩૧૦ની કિંમતનો પાસ પરમીટ વગરનો જથ્થો ઝડપી લીધો હતો. જે અંગની ફરિયાદ શનિવારે પ્રાંતિજ પોલીસે સ્ટેશનમાં નોંધાવી હતી.

# વિરપુરમાં મહિલાને દહેજ લાવવા ત્રાસ અપાતા આઠ વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૧

હિંમતનગર તાલુકાના વિરપુર ગામની એક મહિલાને તેણીના સાસરીયા દ્વારા અવારનવાર શારીરિક અને માનસિક ત્રાસ આપી પિયરમાંથી રૂ. ૨ લાખનું દહેજ લઈ આવવા માટે દબાણ કરાતુ હતુ. જેથી આ મહિલાએ આઠ સાસરીયા વિરૂદ્ધ શનિવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસસ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગત એવી છે કે વિરપુર ગામના કોમલબેન પ્રહલાદસિંહ દેવીપૂજકને તેમના પતિ પ્રહલાદસિંહ, કોકીલાબેન કાળાભાઈ દેવીપૂજક, વિષ્ણુભાઈ કાળાભાઈ દેવીપૂજક, ભાવનાબેન દેવીપૂજક, જયેશભાઈ દેવીપૂજક, રાધાબેન દેવીપૂજક અને રાહુલભાઈ દેવીપૂજક દ્વારા અવારનવાર કોમલબેનને દહેજ લઈ આવવા માટે મ્હેણા-ટોણા મારી કોમલબેનના પતિ પ્રહલાદસિંહ ચઢામણી કરીને મારઝૂડ કરવામાં આવતી હતી. જેથી કંટાળીને કોમલબેને આઠ સાસરીયા વિરૂદ્ધ શનિવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# પિલુદ્રામાં મકાનમાં આગ લાગતા ઘાસચારો બળીને ખાખ



પ્રાંતિજ તાલુકાના પિલુદ્રા ગામે રવિવારે અચાનક એક મકાનમાં આગ લાગતા ઘાસચારો બળી ગયો હતો. આ અંગેની વિગત એવી છે કે પિલુદ્રા ગામે રહેતા ઘનશ્યામભાઈ ધુળાભાઈ પટેલના મકાનમાં રવિવારે સવારે અગમ્ય કારણોસર આગ લાગી હતી. જેથી પ્રાંતિજ અને હિંમતનગરની ફાયરબ્રિગેડને બોલાવાઈ હતી. ત્યારબાદ ફાયરબ્રિગેડના જવાનોએ એક કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. જોકે મકાનમાં આગ લાગવાને કારણે ઘાસચારા ઉપરાંત અન્ય ચીજવસ્તુઓને પણ નુકશાન થવા પામ્યું હતું.

# સરદાર પટેલ જન્મજયંતિની ધામધૂમથી ઉજવણી કરાઈ

ખેડબ્રહ્મા, તા. ૧

અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ, ખેડબ્રહ્મા સંચાલિત ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજમાં વિદ્યાર્થી-પરિષદના ઉપક્રમે શનિવારના રોજ સરદાર પટેલ જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમના આરંભે સંસ્થાના આચાર્ય એન.ડી. પટેલે નિમંત્રિત વક્તા મહેમાન હરિહર પાઠક (આચાર્ય, ગ્રેવિટી ધ સ્કૂલ ઓફ સાયન્સ ખેડબ્રહ્મા)ને આવકારતાં, તેમનું શાબ્દિક તેમ જ પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું અને ઉપસ્થિત વિદ્યાર્થીગણને પ્રાસંગિક માહિતી આપી હતી.

ઉપરાંત લોખંડી પુરૂષ સરદાર પટેલ વિષય પર વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. તેમાં પ્રથમ ક્રમે પ્રિયંકા ખરાડી, દ્વિતીય ક્રમે દશરથ પરમાર તથા તૃતીય ક્રમે ચિરાગ સુથાર વિજેતા નિવડ્યા હતા. બાદમાં નિમંત્રિત વક્તા હરિહર પાઠકે સરદાર પટેલ અને યુવાશક્તિ વિષય પર સરદાર પટેલના જીવનપ્રસંગોને સાંકળીને તેમની સાદગી, આત્મવિશ્વાસ, નીડરતા વગેરે ગુણોને પ્રગટાવતું પ્રેરક, રસસભર તથા અસરકારક વક્તવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમ સાથે સંસ્થાના ગ્રંથપાલ હરપાલસિંહ એચ. ચૌહાણે ગ્રંથાલયમાં સરદાર વલ્લભભાઈ પટેલને લગતાં પુસ્તકોનું એક સરસ પ્રદર્શન પણ યોજ્યું હતું.

આ કાર્યક્રમનું સંચાલન ડૉ. કે.એન. બલોચે સંભાળ્યું હતુ તથા આભારવિધિની જવાબદારી ડૉ. વી.સી. નિનામાએ નિભાવી હતી.

# મોડાસાના સ્વયમ્ સૈનિક દળે દલિતો પર થતા અત્યાચાર રોકવા કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ

ભારત દેશમાં કાયદો અને વ્યવસ્થા તથા તંત્ર બેઉ લુલુ લંગડુ બની ગયું હોવાથી ભારત દેશમાં દલિતો ઉપર અવાર-નવાર અત્યાચાર, દમન, હત્યા, બળાત્કારની ઘટનાઓ રોજ-રોજ બની રહી છે. ગુજરાત રાજ્યમાં પણ અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના કુણાલ પરમારને નવરાત્રી મહોત્સવમાં અપહરણ કરી ઢોર માર મારવાની ઘટના, બાયડના તલોદ ગામમાં કિશન અને કલ્પેશ નામના યુવાનો નવરાત્રી જોવા ગયા હતા ત્યારે અસ્પૃશ્યતા રાખી માર મારવાની ઘટના તેમજ અરવલ્લી જિલ્લાના ગામડાઓમાં દલિતો પર થતા હુમલા અને જાતિ વિષયક અપમાનીત કરવાની ઘટનાઓ બનતા સ્વયંમ સૈનિક દળ (એસ.એસ.ડી.) દ્વારા અરવલ્લી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ભારતની અંદર નિષ્ઠાપૂર્વક અમલીકરણ કરવામાં આવે અને દલિતો ઉપર અત્યાચાર કરનારાઓને કડકમાં કડક સજા અપાવવાની માંગણી સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# હિંમતનગરમાંથી એક્ટીવા ચોરાયું

હિંમતનગર, તા. ૧

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં ૩૨ લક્ષ્મીનગર સોસાયટીમાં રહેતા ભરતભાઈ શામળભાઈ પટેલે રૂ. ૧૫ હજારની કિંમતમાં એક્ટીવા નં. જીજે.૯.સી.એન. ૧૪૨૪ ખરીદ્યું હતું. ત્યાર બાદ તેઓ આ એક્ટીવા તેમના મિત્રાને આપ્યું હતું. દરમિયાન શનિવારે રાત્રે અજાણ્યા શખ્સો એક્ટીવાની ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગે ભરતભાઈ પટેલે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં વાહન ચોરાયાની ફરિયાદ નોંધાવી હતી.

# મોડાસા નજીકથી બોગસ રોયલ્ટી પાસના આધારે રેતી વહન કરતી ટ્રકો ઝડપી લેવાઈ

## ગાંધીનગરથી ઝડપાયેલ શખ્સને કોર્ટમાં રજુ કરતા કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા

મોડાસા, તા. ૧

ખનીજ માફિયાએ પોતે લીઝ ધરાવતો હોવાનું જણાવી બોગસ રોયલ્ટી પાસના આધારે લાંબા સમયથી ખનીજચોરીનું કૌભાંડ ચાલતું હોવાનું મોડાસા રૂરલ પોલીસની તપાસમાં બહાર આવતા તપાસનીશ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. પોલીસે ગાંધીનગરથી ઝડપાયેલ શખ્સને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

અરવલ્લી જિલ્લા ખાણ ખનિજ વિભાગના નામે બોગસ રોયલ્ટી પાસ બનાવી માણસા નજીક આવેલ અનોડિયાની સીમમાંથી રેતીની ચોરી કરતા શખ્સની ધરપકડ કરવામાં આવી છે. મોડાસા રૂરલ પોલીસે આ શખ્સની વધુ પુછપરછ કરી હતી. જેમાં કોઈપણ પ્રકારની લીઝ વગર ઝડપી લેવાયેલ છે.

મોડાસા નજીકથી બોગસ રોયલ્ટી પાસના આધારે રેતી વહન કરતી ટ્રકો ઝડપી લેવામાં આવી હતી. જેની તપાસ દરમિયાન માણસાના અનોડિયામાંથી આ બોગસ રોયલ્ટી પાસના આધારે અરવલ્લી જિલ્લામાં ખનીજ વહન કરવામાં આવતું હોવાનું ખુલ્યું હતું. દરમિયાન ગાંધીનગર નજીકના પેથાપુરનો રાજેશ મનજીભાઈ ઠક્કર લીઝ ધારક ન હોવા છતાં ટ્રક ચાલકોને અનોડિયાની સીમમાંથી સાબરમતી નદીમાંથી રેતી ભરી આપતો હતો. તે લોકોને જણાવતો હતો કે મારી પાસે લીઝ છે અને રોયલ્ટી પાસ આપી મોટા પ્રમાણમાં નદીમાંથી ચોરી કરતો હતો. જો કે આ શખ્સે બનાવટી રોયલ્ટી પાસ બનાવી દીધા હતા. અધિકારીઓ પર રોફ જમાવી આ જમીન માફિયાએ અત્યાર સુધીમાં અનેક ટ્રકો આ રીતે બોગસ રોયલ્ટી પાસના આધારે પસાર કરાવી હતી.

જો કે મોડાસાના બાયપાસ રોડ પર જુદા જુદા નંબરની ટ્રકોમાંથી એક જ નંબરના રોયલ્ટી પાસ મળી આવતાં આખાયે કૌભાંડનો પર્દાફાસ થઈ ગયો હતો.

ગાંધીનગર એલસીબીએ



ઝડપી લીધેલ રાજેશ ઠક્કરની મોડાસા રૂરલ પોલીસે પુછપરછ હાથ ધરી હતી. જેમાં આ શખ્સ દ્વારા કોમ્પ્યુટર ઉપર ખાણ ખનિજ વિભાગના બોગસ પાસ બનાવવામાં આવતા હતા. જે પાસ ટ્રકના ચાલકોને ઈસ્યુ કરી ખનીજ ચોરી કરતો હતો. જો કે સાબરમતી નદીમાંથી રેતી ભરી આપતા આ ખનિજ માફિયાએ મેશ્વો નદીની લીઝ ધારકના નામના પાસ આપતાં તે ભરાઈ પડ્યો હતો. આ શખ્સે નકલી રોયલ્ટી પાસ બનાવવા કોની મદદ લીધી, આ કૌભાંડમાં કેટલા સંડોવાયેલા છે તેની વિગતો મેળવવા માટે પોલીસે આકરી પુછપરછ હાથ ધરી દીધી છે.

# બાયડ તાલુકાના જીતપુર ગામે ૨૦૦૦ જેટલા પાટીદારો કોંગ્રેસમાં જોડાયા





મોડાસા, તા. ૧

છેલ્લા કેટલાય સમયથી પાટીદારો સરકાર માટે માથાનો દુઃખાવો બન્યા છે. અનામતની આગને લઈને અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના જીતપુર ખાતે આજે ૫૦૦ કરતા વધારે પાટીદારો કોંગ્રેસમાં જોડાતા ભાજપમાં હડકંપ મચી જવા પામી છે.

અનામતની માંગને લઈને પાટીદારોનું દિવસે ને દિવસે તેમનું આંદોલન ઉગ્ર બની રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. અને સરકાર સામે નવી નવી રણનીતિઓ બનાવી જાણે સરકારની શાન ઠેકાણે લાવવાનું નક્કી કર્યું હોઈ તેવા કાર્યક્રમો યોજી રહ્યા છે. આવો જ એક કાર્યક્રમ અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના જીતપુર ગામમાં યોજાયો હતો અને આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપની સરકાર ઘેર ભેગી કરવાનું નક્કી કરી કોંગ્રેસના સમર્થનમાં આવી જતા અરવલ્લી જિલ્લા ભાજપમાં જાણે કે હડકંપ મચી ગઈ હતી. અને આ સમયે ૫૦૦ થી વધારે પાટીદારો કોંગ્રેસમાં જોડાયા હતા. આવનારા દિવસોમાં હજુ પણ કેટલાય પાટીદારો કોંગ્રેસમાં જોડાશે.



બાયડના આ કાર્યક્રમમાં હાર્દિક પટેલના પિતાએ જણાવ્યું હતું કે ભાજપે મારા છોકરા ઉપર જે જુલમ કર્યો છે અને ખોટી રીતે જેલમાં ધકેલી દીધો છે જેથી તમામ પાટીદારો મને આ દુઃખની ગાડીમાં સાથ આપે એટલા માટે જ હું આપની જોડે આવ્યો છું. આ પ્રસંગે હાર્દિક પટેલના વકીલ માંગુકિયાએ નરેન્દ્ર મોદીને આડે હાથ લીધા હતા અને કહ્યું કે પાનવાળો ચૂનો લગાવે એ તો ઠીક છે પણ આજકાલ તો ચા વાળા પણ ચૂનો લગાવતા થઈ ગયા છે. જેથી આ ચૂનો લગાવવા વાળાને ૨૦૧૯માં અમે બતાવી દઈશુ. અને એવી કોઈ જેલ નથી જે હાર્દિક પટેલને રાખી શકે હું ગમે તે રીતે હાર્દિકને છોડાવી લઈશ.

ભાજપ સરકાર સામે દિવસે ને દિવસે પાટીદારોની નારાજગી વધી રહી છે. ત્યારે છેલ્લા થોડાક દિવસોમાં ભાજપની સેફ વોટબેંક ગણાતા પાટીદારો જે રીતે ભાજપ છોડી કોંગ્રેસમાં જોડાઈ રહ્યા છે તે આ સ્થિતિને પગલે આગામી સમયમાં યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપ માટે પાટીદારો મોટી મુશ્કેલી સર્જે તો નવાઈ નહિ.